# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન-૨, એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬, ભાવનગર

ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨

Email : bhavdeo@gmail.com, https://deobhav.blogspot.com/


150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૨૦ તા.૧૮/03/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

જિ. ભાવનગર

વિષય : **COVID-19** અન્વયે કામગીરી કરવા બાબત.

સંદર્ભ : આરોગ્ય વિભાગ, મહાનગરપાલિકા,ભાવનગરના પત્રાંક : હે.જા.નં.૧૭૭૦ તા.૧૭/03/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, હાલની **COVID-19** ની પરીસ્થિતીને ધ્યાનમાં લેતા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૧૩/03/૨૦૨૦ ના રોજ નોટીફિકેશન બહાર પાડવામાં આવેલ છે, જે અન્વયે આપની શાળામાં નીચેની બાબતો ધ્યાનમાં લેવા તેમજ ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

1) આપની શાળામાં તમામ કર્મચારીઓ/વિદ્યાર્થીઓની બેસવાની જગ્યા ઉપર તથા ટોઇલેટ/બાથરૂમની સમયાંતરે સફાઇ કરાવવી અને સફાઇ જાળવવી.
2) જો કોઇ વિદ્યાર્થી/કર્મચારીને સામાન્ય છીંક, શરદી, ઉધરસ આવે તો રૂમાલનો ઉપયોગ કરવો.
3) આપની શાળાના વિસ્તારમાં સરકારશ્રીની સુચના મુજબ જાહેરમાં થુકવા બદલ રૂ. ૫૦૦/- નો દંડ વસુલ કરવો. આ બાબતે આપની શાળાની તથા આસપાસના વિસ્તારમાં સુચનાઓ લગાવી જન-જાગૃતિ ફેલાવવી.
4) કર્મચારી/વિદ્યાર્થીઓને સાબુ/પેપર સોપથી હાથ ધોવા તેમજ સાબુ પાણી મળવુ શક્ય ન હોય તો હેન્ડ સેનીટાઇઝર નો ઉપયોગ કરવા સુચન કરવું.
5) મિટીંગો/વર્કશોપ/ટ્રેનીંગ હાલમાં બંધ રાખવાની સરકારશ્રીની સુચના છે.
6) આપની શાળામાં જો કોઇ વ્યક્તિને તાવ, શરીર ધ્રુજવું, માથાનો દિ:ખાવો, કફ/વહેતુ નાક, ગળાનો દુ:ખાવો, શ્વાસમાં તકલીફ જેવી ફરીયાદ જણાય તો નજીકના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે પ્રાથમિક સારવાર લેવા જણાવવામાં આવે છે.
7) શાળાના ફર્શ અને ટોઇલેટ/બાથરૂમની સફાઇ માટે વિશાણું નાશક દ્રવ્ય(ફિનાઇલ)નો ઉપયોગ કરવો.

Scanned by CamScanner

8) હાથ મિલાવવા કરતા નમસ્તે દ્વારા અભિવાદન કરવું.

9) આપની શાળા દ્વારા ઉપરોક્ત વિગતે IEC કરવી.

કોરોના વાઇરસની વધુ માહિતી માટે રાજ્ય સરકારશ્રીની ૨૪x૭ કંટ્રોલ રૂમ નં.-૧૦૪ ઉપર કોન્ટેક્ટ કરવો તથા આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, ભાવનગર ના કંટ્રોલ રૂમ નં.૦૨૭૮-૨૪૨૩૬૬૫ પર સંપર્ક કરવો.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ સવિનય રવાના :</u>

- માન. કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, ભાવનગર
- કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ :</u>

શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી તમામ – સદર કચેરી

Scanned by CamScanner